ફેસબુકે એક પિતાની ઘડપણની લાકડી સાત વર્ષે પાછી અપાવી

ફેસબુકના ઉપયોગથી દીકરાના મિત્રએ પ્રાંતિજના વૃધ્ધાશ્રમમાં રહેતા એક પિતાને સાત વર્ષથી દૂર થઈ ગયેલા પુત્ર સાથે મેળવી આપ્યા

પ્રાંતિજ, તા. ૧

આજની પેઢીને સોશ્યલ મિડીયા પર સતત વ્યસ્ત રહેવા માટે વડીલો દ્વારા હંમેશા ટીકાઓનો સામનો કરવો પડે છે. પરંતુ આ જ સોશ્યલ મિડીયા દ્વારા સાત સાત વર્ષથી વિખુતા પડેલા પિતા-પુત્રનું પુનઃ મિલન થયું હતું ત્યારે વૃદ્ધ વડીલ પિતાની આંખમાં હર્ષની અશ્રુધારા રોકાવાનું નામ લેતી નહોતી. સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ મુકામે બનેલી આ સત્ય ઘટનાએ સાબિત કર્યું છે કે જો સોશ્યલ મિડીયાનો સકારાત્મક ઉપયોગ કરવામાં આવે તો ઘણાના જીવનમાં ખુશીઓની મહેક પ્રસરાવી શકાય છે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશ્યલ મિડીયાની તાકાતને ઓળખીને તેના સકારાત્મક ઉપયોગ દ્વારા તાજેતરની લોકસભાની ચૂંટણીઓમાં જવલંત ઐતિહાસિક વિજય હાંસલ કર્યોછે. આજ સોશ્યલ મિડીયા એટલે કે ફેસબુક, ટ્વીટર, ઓરકુટ, વોટસએપ અને તેના જેવી અન્ય સેવાઓ પર સતત વ્યસ્ત રહેવા માટે નવી પેઢીના યુવાનોને જુનવાણી વિચારધારા વાળી વ્યક્તિઓ હંમેશા વખોડતી રહે છે. પરંતુ પ્રાંતિજના 'તીથાગન વિસામો' નામના વૃધ્ધાશ્રમ પર બનેલી એક ઘટના આ બાબતે નવુ વિચારવા પ્રેરી રહી છે. અમદાવાદના હસમુખભાઈ ઓચ્છવલાલ શાહ નામના એક પિતાને સંતાનમાં એક પુત્ર સંદીપ અને એક પુત્રી પાયલ હતા. ત્રણ જણાના સંસારમાં સાત વર્ષ પહેલા સંદીપ કોઈ કારણસર ઘરેથી ચાલ્યો જવાથી માત્ર પિતા-પુત્રી બે જણ જ વધ્યા હતા. પિતાએ પુત્રીના લગ્ન કરાવ્યા તેથી પુત્રીને બાપની સારસંભાળની ચિંતા થવાથી તેમને પ્રાંતિજ ખાતે શ્રી માર્કન્ડેશ્વર મહાદેવ પાસે આવેલ વિશ્વેસરાય ટ્રસ્ટ દ્વારા સંચાલિત વૃધ્ધાશ્રમ 'તીથાગન વિસામો'માં દાખલ કરાવ્યા હતા.

આ વાતને થોડા વર્ષોવિત્યાને સમય થયો ત્યારે સંદીપના એક જૂના મિત્ર રજનીકાંતે પોતાના મિત્રની યાદ આવતા તેનો સંપર્ક કરવા પ્રયત્ન કર્યો હતો પણ તેમાં તેમને સંદીપનો સંપર્ક થઈ શક્યો નહી. આથી તેમણે મતદાર યાદીના આધારે સરનામુ ખોલીને પાયલબેનનો સંપર્ક કરતા તેમણે પણ સંદીપની કોઈ ભાળ ન હોવાનું જણાવ્યું અને પિતાને તેણે સારસંભાળ અર્થે પ્રાંતિજના વૃધ્ધાશ્રમમાં મુક્યાની માહિતી પણ આપી હતી. રજનીકાંતે આ કારણે વ્યથિત થઈને ફેસબુકના માધ્યમ ધ્વારા તેના પરમ મિત્ર સંદીપને શોધવાનું અભિયાન હાથ ધર્યુ હતુ અને ઘણા પ્રયત્નોના અંતે તેને સંદીપનો સંપર્ક થયો હતો. જે હવે પૂના ખાતે રહેતો હતો.

રજનીકાંતે સઘળી વાત સંદીપને વિગતે જણાવતા તે પોતાના પિતાને મળવા પ્રાંતિજ દોડી આવ્યો હતો અને આવીને પિતાના ચરણોમાં પડી ગયો હતો. સાત વર્ષ પછી મળેલા પિતા-પુત્રની આંખમાંથી ચોધાર આંસુઓની હેલી લાગી ગઈ હતી અને આ દંશ્ય સમયે તેમની સાથે હાજર પાયલબેન અને તેમના પતિ ઉપરાંત રજનીકાંત તેમજ વૃધ્ધાશ્રમના અન્ય વડીલો પણ તેમના અશ્રુ ખાળી શક્યા નહોતા. વૃધ્ધાશ્રમના ટ્રસ્ટી રેખાબેનની આંખમાં પણ આ પિતા-પુત્રના મિલને આંસુઓની હારમાળા લગાવી દીધી હતી.

આમ, ફેસબુક જેવા સશક્ત શોશ્યલ મિડીયાના માધ્યમનો સકારાત્મક ઉપયોગ કરવાથી સાત વર્ષેએક પિતાને ઘડપણની લાકડી પાછી મળી હતી. આ ઘટના ફેસબુક, ટ્વીટર અને વોટ્સએપ જેવા માધ્યમોનો દુરપયોગ કરી લોકોને છેતરવા અથવા માત્ર મનોરંજન કે પ્રેમલીલા રચવા ઉપયોગ કરતા અસંખ્ય નેટીઝન્સ માટે પ્રેરણારૂપ છે.

સેક્ટર-૨૯માંથી ઝૂંપડાના ૬૫ દબાણો પર તંત્રનું બુલડોઝર

સરકારી રહેણાંક આસપાસથી ઝૂંપડાના દબાણ દુર કરવા તંત્રની ઝૂંબેશ હાથ ધરાઈ

ગાંધીનગર, તા. ૧

શહેરમાં દિન-તિદિન લારી-ગલ્લા ઉપરાંત ઝુંપડાઓનું દબાણ વધી રહ્યું છે. સેક્ટરોમાં જાહેર સ્થળો આસપાસ તેમજ રહેણાંક વિસ્તારને અડીને જ ઝુંપડપટ્ટી અસ્તિત્વમાં આવી હોવાનું ધ્યાને આવ્યું છે. જેને ધ્યાને લઈ સે-૧ થી ૩૦ માં તબક્કાવાર ગેરકાયદેસર ઝુંપડાઓ દુર કરવા તંત્ર દ્વારા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જે અન્વયે આજે સેક્ટર-૨૯ માંથી ઝુંપડાના ૬૫ જેટલા દબાણો દુર કરવામાં આવ્યા હતા.

ગાંધીનગરમાં રખડતા ઢોરની સાથે વધતા દબાણનો ઁ પણ તંત્ર માટે શિરદર્દ સમાન બન્યો છે. સેક્ટરોમાં વધતા દબાણના લીધે અનેક સમસ્યાઓ ઉદ્દભવી છે. પાર્કિંગ પ્લેસ ઉપર પણ લારી ગલ્લાના દબાણ અસ્તિત્વમાં આવતા ટ્રાફિકને લગતા ૌ સર્જાય છે. જયારે સેક્ટરોમાં સરકારી અને ખાનગી રહેણાંકને અડીને ઝુંપડાવાસીઓએ અડીગો જમાવતા ગંદકીની સમસ્યા સહીત અનેક દુષણો ઉદ્દભવે છે. સેક્ટરોમાંથી ઝુંપડાના દબાણ દુર કરવા સ્થાનિક જાગૃત નાગરિકો દ્વારા પણ અનેક વખત તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી.

જો કે સેક્ટરોને ઝુંપડા મુક્ત કરવા દબાણ તંત્ર દ્વારા ઝુંબેશ શરુ કરી દેવાઈ છે. જેના ભાગરૂપે સે-૧ થી ૩૦ માં તબક્કાવાર ઝુંપડાઓનું દબાણ દુર કરવા તંત્રની ટીમ કામે લાગી છે. પાટનગર યોજના વિભાગ તેમજ દબાણ મામલતદારની ટીમ દ્વારા આજે પણ સેક્ટરોમાંથી ઝુંપડાઓ દુર કરવા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ અન્વયે સે-૨૯ માં સરકારી રહેણાંક આસપાસ લાંબા સમયથી અસ્તિત્વ ધરાવતા ૬૫ જેટલા ઝુંપડાઓનું દબાણ દુર કરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન તંત્રના અધિકારીઓએ પોલીસનો સહકાર પણ લીધો હતો. જેસીબી મશીન તેમજ ટ્રેક્ટરની મદદથી દબાણ દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સે-૨૮ અને સે-૨૯ માંથી ઝુંપડાના મોટાભાગના દબાણો દુર કરી દેવાયા હોવાનું પણ સુત્રોએ જણાવ્યું છે.

જીવરાજ મહેતા ભવન રિંગ રોડ વન-વે કરાતા કર્મચારી આલમ રોષે ભરાયો

ગાંધીનગર, તા.૧

જુના સચિવાલય જીવરાજ મહેતા ભવનમાં રસ્તા બંધ કરવા માટેનું ભુત ફરીથી ધુણ્યું છે. થોડા સમય પહેલા જુના સચિવાલયમાં વન-વે કરવામાં આવ્યો હતો પરંતુ તે રોડમાં તંત્રને ખામી દેખાતા સંપૂર્ણપણે વન-વે કરી નાંખવામાં આવ્યો છે. કર્મચારીઓને સારા દિવસની શરૂઆતનો અહેસાસ થવા લાગ્યો છે.

ગાંધીનગર શહેરમાં મોટા ભાગની સરકારી કચેરીઓ આવેલી છે. નગરની શરૂઆતમાં ડૉ. જીવરાજ મહેતા ભવન નિર્માણ કરવામાં આવ્યુંછે આ ભવનના કમ્પાઉન્ડમાં પ્રવેશવા માટે ઉત્તર અને દક્ષિણ બાજુ દરવાજા મુકવામાં આવ્યા છે. ભવનની ફરતે રીંગ રોડ બનાવવામાં આવ્યો છે. જેથી કોઈ પણ કર્મચારી પોતાની ઓફિસમાં સરળતાથી પહોંચી શકે છે. પરંતુ હવે કર્મચારીઓની ઓફિસ ઉત્તરમાં હોય તો તેમણે દક્ષિણમાંથી અન્યથા ફરીને ઉત્તરમાંથી બહાર નિકળવું પડે છે. જયારે રોડને વન-વે કરવાનું કામ ચાલુહતુંત્યારે કર્મચારીઓએપી.કે. તનેજા કમિશનર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લેખિતમાં રજુઆત કરી હતી પરંતુ અધિકારીને ઉકેલ લાવવામાં રસ ન હોય તેવું લાગી રહ્યું છે.

રિંગ રોડનેબ્લોક કરવામાંઆવતા કર્મચારીઓને પડયા પર પાટુ પડયું છે. એક બાજુ સારા દિવસોની શરૂઆત થઈ છે. કર્મચારીઓના ખિસ્સાનુંવજન હળવું થઈ રહ્યું છે. સો મીટર જેટલું અંતર વધારાનું કાપવુંપડે છે. કર્મચારીઓ લાંબા થઈ રહ્યા છે ત્યારે કર્મચારીઓએ પોતાની વ્યથા ઠાલવતા કહ્યું હતું કે, સરકારી કારમાં મોજથી ફરવાવાળા અધિકારીઓને કયા ખિસ્સાના રૂપિયાથી પેટ્રોલ ભરાવવું પડે છે. અધિકારીઓને તો ડૉ. જીવરાજ મહેતા ભવનની કોઈ ઓફિસમાં જવું હોય તો પણ સરકારી ગાડીનો ઉપયોગ કરે છે.

કર્મચારીઓએ વધુમાં જણાવ્યું છે કે સરકાર દ્વારા અવાર નવાર પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો કરવામાં આવે છે ત્યારે કર્મચારીઓને ઓફિસ કામેથી દિવસમાં બે થી ત્રણ વખત બહાર જવાનું થાય છે. તે પણ પોતાનું વાહન લઈને ત્યારે આ બોજ પણ કર્મચારીઓ ઉઠાવે છે તેમજ આજ દિન સુધી આ ભવનમાં કોઈ જ અકસ્માત થયો નથી છતાં પણ તંત્ર દ્વારા મનસ્વી નિર્ણય લેવામાં આવતા કર્મચારી આલમ રોષે ભરાયો છે. જેથી સત્વરે આ માંગણી સંતોષવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી છે.

રવિવારે રોટરી ક્લબનો શપથવિધિ સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરની રોટરી ક્લબનો શપથવિધિ સમારોહ તા. ૬ઠ્ઠી જુલાઈ, રવિવારે કુડાસણ ખાતે આવેલ સ્કૂલ ઓફ એચિવરમાં યોજાનાર છે. આ શપથગ્રહણ સમારોહ ૨૦૧૪-૧૫ ના વર્ષ માટે પ્રમુખ પદે દિલીપ પટેલ અને મંત્રીપદે રાકેશ પારેખ સાથે ક્લબ ટ્રેઈનર તરીકે કેતન મહેતા શપથગ્રહણ કરશે.

વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં કાર્યરત રોટરી ક્લબ ઓફ ગાંધીનગરની વર્ષ ૨૦૧૪-૧૫ ના કાર્યો માટે નવી કારોબારી ટીમ નિયુક્ત કરાઈ છે. આ કારોબારી હોદ્દેદારોને શપથ ગ્રહણ કરાવવા રોટરી ક્લબના વર્ષ ૨૦૧૬-૧૭ માટેના ડીસ્ટ્રીક્ટ ગર્વનર પદના નોમીની લલિત શર્મા ઈન્સ્ટોલેશન ઓફિસર તરીકે હાજર રહી તેમની સેવાઓ આપશે. આ પ્રસંગે ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા મુખ્ય અતિથિ પદે હાજર રહેશે. આ કાર્યક્રમમાં તમામ રોટેરીયન સભ્યો તેમના પરિવાર સહિત હાજરી આપશે.

જય રણછોડ... 'રથયાત્રા'માં જોડાયેલા ભકતોનું જેસીઆઈ ટીમ દ્વારા ભવ્ય સ્વાગત

ગાંધીનગર, તા.૧

'યુવાનો જો આધ્યાત્મ માર્ગ અપનાવશે તો ભારતનું ભવિષ્ય ઉજજવળ બનશે' આવું સ્વામિ વિવેકાનંદે કહ્યું હતું અને આ વાત ગાંધીનગર જેસીઆઈની યુવા ટીમ પ્રમુખ સાત્વિક ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ સાર્થક કરી રહી છે.

ગઈ કાલે નીકળેલી ભવ્ય રથયાત્રાના ભાવકો માટે જેસીઆઈ ટીમે સેવા કેન્દ્રનું આોજન કર્યું હતું. ભાજપ યુવા મોરચાના પ્રમુખ પદમસિંહ ચૌહાણ આ પ્રોજેકટના ચેરમેન હતા અને એમણે ભકતોનું ભવ્ય સ્વાગત કરવા સંપૂર્ણ ટીમ કામે લગાડી હતી. જેમાં જેસીઆઈ મંત્રી કેતન ભાવસાર સાથે નિકુંજ શુકલા, તુષાર શુકલા, જીતેશ બારોટ, મૌલિક રાદડીયા, ચિરાગ બગથરીયા, સંજય નાયી, વિરલ શાહ, નિરજ પટેલ, ફાલ્ગુની ભાવસાર, લતા શુકલા અને મિતાલી ત્રિવેદીએ આવનારા ભકતોનું ભાવપૂર્વક સ્વાગત કર્યું હતું.

રથયાત્રામાં ઉંટલારી, ટ્રેકટર પર સવાર તેમજ પગપાળા નીકળેલાં સૌ યાત્રીઓને આગ્રહપૂર્વક ઠંડુ શરબત પીવડાવી ટીમ જેસીઆઈએ અનોખો ભકિતનો માહોલ ખડો કર્યો હતો.

પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક ગુરુવારે યોજાશે

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક સંસ્થાના પ્રમુખશ્રી ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને તા. ૩-૭-૨૦૧૪ને ગુરુવારના રોજ સંસ્થાના કાર્યાલય, સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજે માળ, સેક્ટર-૨૨ ખાતે સાંજે ૫.૩૦ વાગે મળશે. આ બેઠકમાં અગત્યના મુદ્દાઓની ચર્ચા વિચારણા થશે. બેઠકમાં સર્વે પદાધિકારીઓ અને કારોબારી સભ્યોએ અચુક ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

પાલજમાં સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો : ૨૯૩ દર્દીઓએ લાભ લીધો

ગાંધીનગર, તા. ૧

અર્બન હેલ્થ સેન્ટર પાલજ અને આરોગ્ય વિભાગ મહાનગર પાલિકા ગાંધીનગર દ્વારા પાલજ ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો.

નગરની પાસે સાબરમતીની કિનારે આવેલ પાલજ ગામમાં નિશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનુંઆયોજન કરવામાં આવ્યું હતું. મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ અને અર્બન હેલ્થ સેન્ટર પાલજ દ્વારા યોજાયેલ કેમ્પમાં ગામના નાગરિકોએ ભાગ લીધો હતો. જેમાં દાંતના ૩૫ દર્દી, બાળ રોગના ૩૧ દર્દી, સ્ત્રીરોગના ૨૦, ચામડી રોગના ૫૯, આંખના ૯૧, અને જનરલ રોગના ૫૯ દર્દી સહિત કુલ ૨૯૩ દર્દીઓએ કેમ્પનો લાભ લીધો હતો. કેમ્પમાં ડૉ. તેજસ પટેલ, ડૉ. કુલદીપસિંહ વાઘેલા, ડૉ. નિતેશ શાહ, ડૉ. મહેશ પટેલ, ડૉ. પારૂલ ગોહિલ અને સિવિલ હોસ્પિટલના રમેશભાઈ દ્વારા સેવા આપવામાં આવી હતી.

શનિવારથી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં બાળપયોગી પ્રવૃત્તિઓ યોજાશે

ગાંધીનગર, તા.૧

નગરના સેકટર-૨૦ સ્થિત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં બાળકોના સર્વલક્ષી વિકાસનું આયોજન કરવામાં આવે છે. યુનિવર્સિટી ખાતે ધોરણ ૫ થી ૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે દર મહિનાના પહેલા, બીજા અને ત્રીજા શનિવારે જાહેર રજા સિવાય વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે.

સેકટર-૨૦ સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલમાં આવેલ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી પરિસરમાં તા. ૫ જુલાઈ શનિવારથી બપોરે ૨ થી ૫ દરમિયાન બાળકોની કલાને ખિલવતી પ્રવૃત્તિઓ બાળગીત, દેશભકિતગીત, અભિનયગીત, નૃત્ય, ચિત્રકલા, દેશી રમતો, રાસ ગરબા, ભરતનાટયમ, આર્ટ એન્ડ કાફટ, વેસ્ટમાંથી બેસ્ટ, વૈજ્ઞાનિક સિધ્ધાંતોની રમતો, સંસ્કૃત સંભાષણ, વાર્તાકથન, વૈદિક ગણિત, બાલોપયોગી ઉત્તમ પુસ્તકોનું વાચન અને ફિલ્મ દર્શન જેવી પ્રવૃત્તિઓ યોજવામાં આવશે.

ગાંધીનગર સેકટર-૨૨ સ્થિત રોટરી ફીઝીયોથેરાપી સેન્ટર ખાતે રોટરી કલબ ગાંધીનગર ચેપ્ટરનાં ૨૯માં વર્ષના પ્રથમ દિવસે એક્રેડેશન પ્રેસ કલબનાં સહયોગથી તેમજ આજે ઈન્ટરનેશનલ ડોકટર દિવસ અને ઈન્ટરનેશનલ સી.એ દિવસનાં ઉપક્રમે એક રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સી.એ. સ્ટડી સહિત ગાંધીનગરના કન્વીનર સી.એ. જયપ્રકાશ જી. શાહ, રોટરી પ્રમુખ દિલીપ પટેલ, ઈન્ડિયન મેડીકલ એસો. ગાંધીનગરનાં ડૉ. અનિલ ચૌહાણ, એક્રેડેશન પ્રેસ કલબનાં શ્રી કિશોરભાઈ અંજારીયા તેમજ ધારાસભ્યશ્રી અશોક પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ૩૩ બોટલ રકત એકત્રિત થયું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

દેનાબેંકનું સર્વર ઠપ્પ થઈ જવાથી પેન્શનર્સ અટવાયા

જૂન એન્ડીંગના કાર્યભારને કારણે મુખ્ય સર્વર ખોટકાવાથી તમામ શાખાઓમાં કામકાજ બંધ : બપોરે ૨.૩૦ વાગે પુનઃ કોમ્પ્યુટર ચાલુ થયા

ગાંધીનગર, તા. ૧

આજે ગાંધીનગરની અગ્રગણ્ય દેના બેંકમાં જૂન માસના એન્ડીંગ કામના વર્ક લોડને લીધે મુખ્ય સર્વર ઠપ્પ થઈ જવાથી શાખાઓમાં પણ કનેકટીવીટી ખોરવાઈ ગઈ હતી. જેના કારણે બેંકિંગ કામકાજ બપોરના ૨.૩૦ વાગ્યા સુધી બંધ રહ્યું હતું. આજે મહિનાનો પહેલો દિવસ હોવાથી પેન્શનર્સ ખાતા ધારકોને દેના બેંકમાં કોમ્પ્યુટર ઠપ્પ થઈ જવાથી પેન્શન મળ્યા નહોતા અને પેન્શનર્સ સહિત અન્ય ગ્રાહકોને પણ ભારે હાલાકી ભોગવવી પડી હતી.

દેના બેંકની મુખ્ય શાખાઓ આજે જૂન માસના એન્ડીંગનું કાર્યનું ભારણ વધી જવાથી કોમ્પ્યુટર સર્વર ખોરવાઈ જવાથી તમામ શાખાઓમાં સીસ્ટમની કનેક્ટીવીટી ખોરવાઈ ગઈ હતી. આ કારણે તમામ શાખાઓના કોમ્પ્યુટર બંધ થઈ ગયા હતા. જેના કારણે બેંકિંગ કામકાજ તદ્દન ઠપ્પ થઈ જવા પામ્યું હતું. બેંકમાં વિવિધ કામકાજ માટે આવેલા ગ્રાહકોને પણ ધરમધક્કા થયા હતા અને કર્મચારીઓને પણ કોમ્પ્યુટર ક્યારે ચાલુ થશે તે અંદાજ ના હોવાથી સ્પષ્ટ જવાબ પણ મળી શક્યો નહોતો. કેટલાક ગ્રાહકોએ વારંવાર બેંકની શાખામાં કામકામજ શરૂ થયું કે નહિ તેની પૂછપરછ કરતા બેંક દ્વારા ફોન પણ બંધ કરી દેવાયો હતો. આથી ગ્રાહકોને બેંકનું કામકાજ ચાલુ થયું કે નહિ તે જાણવા ફરજિયાત શાખાના ધરમધક્કા ખાવાનો વારો આવ્યો હતો.

અધુરામાં પુરૂ આજે જુલાઈ માસની પહેલી તારીખ હોવાથી પેન્શન લેવા માટે પેન્સનર્સની પણ શાખાએ લાઈનો લાગી હતી. નિવૃત્ત કર્મચારીઓ આજે તેમના પેન્શન લેવા દેનાબેંકની શાખાએ પહોંચ્યા હતા. પરંતુ કોમ્પ્યુટર્સ બંધ હોવાને કારણે તેમને ભારે નિરાશા સાંપડી હતી અને પેન્શન મેળવી શક્યા નહોતા. આ નિવૃત્તોને ફરી કોમ્પ્યુટર ક્યારે ચાલુ થશે તે પણ માહિતી ના મળી શકવાથી ઘણા પેન્શનર્સ બેંકમાં કલાકો સુધી રાહ જોઈ હતી.

બપોરે આશરે ૨.૩૦ વાગે દેનાબેંકનું સર્વર ફરી કાર્યરત થતા બેંકનું કામકાજ પુનઃ ધબકતુ થયું હતું અને બેંક દ્વારા લગભગ ૪.૩૦ વાગ્યા સુધી કામકાજ ચાલુ રાખીને રીસીવ-પેમેન્ટ વગેરે પેન્ડીંગ કાર્યો પુરા કર્યા હતા. આ દરમ્યાન જે ગ્રાહકોને ખબર પડી તેઓ તુરંત જ બેંકની શાખાએ ઘસી ગયા હતા અને તેમના વ્યવહારો પૂરા કર્યા હતા.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૯
સૂર્યાસ્ત : ૭.૨૭

તાપમાન

મહત્તમ : ૩૯.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૨૯ ટકા

મનોરંજન

સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
એક વિલન : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
હમશકલ : ૩.૪૫, ૧૦.૦૦
એક વિલન : ૧૨.૩૦

: સ્ક્રીન-૩ :
ટ્રાન્સફોર્મર (૩ડી) (અંગ્રેજી) ૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫
એક વિલન : ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
એક વિલન : ૧૦.૦૦
હોલીડે : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :
એક વિલન : ૧૦.૦૦
હોલીડે : ૧.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૯.૧૫, ૧૨.૩૦, ૩.૫૦, ૭.૧૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૮.૧૫, ૧૧.૩૦, ૯.૨૦
હમશકલ : ૨.૫૦
હોલીડે : ૬.૦૦

: સ્ક્રીન-૩ :
એક વિલન : ૮.૪૫, ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :
એક વિલને : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૩૦

સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
એક વિલન : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
હમશકલ : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
એક વિલન : ૪.૧૫

આપની આજ

મેષ : પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. સંતાનની સ્થિતિમાં સુધારની સંભાવના છે. આર્થિક રોકાણ સમજી વિચારીને કરવું. મિત્રોની સાથે સમય પસાર થશે. કૌટુંબિજનો સાથે વાદવિવાદ ટાળવો.

વૃષભ : કાર્યોમાં નવીન સમસ્યા આવશે, જેથી ધૈર્ય અત્યંત જરૂરી છે. કર્મક્ષેત્રે કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

મિથુન : ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થશે. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠા વૃદ્ધિનો યોગ બની રહ્યો છે.

કર્ક : મનમાં ઉલ્લાસ અને જોશ રહેશે, જે તમારા કાર્ય તેમજ વેપારને નવી ગતિ પ્રદાન કરશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમ પૂર્વક ઉકેલવી.

સિંહ : સામાજિક કાર્યોથી યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. મિત્રોના સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે. વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું પડશે.

કન્યા : માન-સન્માનનો યોગ બનશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

તુલા : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક રહેશે. વ્યાપાર- વ્યવસાય ક્ષેત્રમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

વૃશ્ચિક : નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. પ્રયત્નોથી લાભ થશે.

ધન : પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યો પણ ઉકેલ આવશે. મિત્રોના સહયોગથી ઉદ્દભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

મકર : વ્યસ્તતા રહેશે. જીવનમાં તનાવ વધશે. પરિચિત વ્યક્તિનો સહયોગ મળવાની સંભાવના છે. બુદ્ધિના ઉપયોગથી કાર્ય વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવનાઓ રહેલી છે.

કુંભ : આધ્યાત્મિક પ્રવૃત્તિને કારણે મનમાં શાંતિ રહેશે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. રાજકારણમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત થશે.કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે.

મીન : ઉતાવળ અને ભાગદોડથી કાર્ય કરવાની પ્રવૃત્તિ પર અંકુશ રાખો. મિત્રોના સહયોગથી સમસ્યાઓનુંસમાધાન મળી શકે છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

ચિરવિદાય

● સ્વ. આશાબેન મહેન્દ્રભાઈ દેસાઈ (ઉ.વ. ૭૬) પ્લોટ નં. ૧૭૮/૨, શાંતિકુંજ સોસાયટી, સેક્ટર-૨૯, ગાંધીનગર.